મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગર ખાતે લીપ ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગરના સેકટર-૨ ખાતે આવેલી લીપ ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિક ઉત્સવનું આયોજન શિવરાત્રી પર્વના દિવસે ગાંધીનગર ટાઉન હોલ, સેકટર-૧૭ ખાતે કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક ઉત્સવમાં શાળાના બાળકોમાં દેશ ભાવના ઉજાગર થાય અને મહામૂલી આઝાદી દેશને કેવી રીતે પ્રાપ્ત થઈ છે તે અંગેની માહિતી આપતી થીમ પર સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો. શાળાના પ્લે ગ્રુપ થી ધોરણ-૩ સુધીના બાળકો દ્વારા વિવિધ દેશ ભક્તિના ગીતો પર નૃત્ય રજૂ કરવામા આવ્યા હતા. જયારે નાના ભુલકાઓએ દેશ માટે શહીદ થયેલા શહીદોની વેશભૂષા ધારણ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય શ્રી મીનુ સીસોદિયા અને તેમના સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. નાના ભુલકાઓની કલા જોઈને વાલીઓ પણ મંત્ર મુગ્ધ બની ગયા હતા.

વાતવાતમાં

● જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં આજે જિલ્લાના છેવાડા ગામ મોટી પાવઠી ખાતે ગ્રામસભાનું આયોજન કરાયું હતું.

● ગ્રામ્ય વિસ્તારોમાં ઉમેદવારો દ્વારા વહેલી સવારે અને રાત્રિના સમયે પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે. પક્ષોના ઉમેદવારોના કાર્યાલયો પણ કાર્યકરોથી ધમધમી રહ્યા છે.

● તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં રાજકી પક્ષો દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં વિધાનસભાની ચૂંટણીઓ જેવો માહોલ ખડો કરવા પ્રયત્નો કરાઈ રહ્યા છે. આ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારના પ્રવેશદ્વારે હોર્ડિંગ્સથી માંડીને ગામમાં પોસ્ટર્સ, વાહનો પર સ્ટીકર્સ તથા પત્રિકા વિતરણ વગેરે જોવા મળી રહ્યું છે.

● સે. ૧૭ના એક્ઝિબીશન સેન્ટર ખાતે પ્લાસ્ટ ઈન્ડિયાનું સમાપન થયુ છે. જેની સામગ્રી હટાવવાનું કાર્ય આખરી તબક્કામાં છે. પ્લાસ્ટ ઈન્ડિયા જતા જતા એક્ઝિબીશન સેન્ટર ખાતે કચરાનો મસમોટો ઢગ ખડકતુ ગયુ છે.

ટાયર ચોરતી ગેંગ એ શહેરમાં વાહન માલિકોની ઊંઘ હરામ કરી નાંખી

રાત્રે ઘર આંગણે સહીસલામત પાર્ક કરેલા વાહનને સવારે જોવે તો ટાયર ગાયબ હોય છે : સે-૨૬માં વધુ આઠ ટાયરો ચોરાયા

ગાંધીનગર, તા.૧૫

પાટનગરમાં વાહનચોરો અને ધરફોડ ચોરો ઉપરાંત હવે જરદસ્ત રીતે સક્રીય થયેલા ટાયર ચોરોએ શહેરના વાહન માલિકોની ઊંઘ હરામ કરી નાંખી છે અને પોલીસને દોડતી કરી દીધી છે. પોલીસને નાકે દમ લાવી દેનાર ટાયર ચોરતી ગેંગ દ્વારા વધુ બે ગાડીઓને ટાર્ગેટ કરી સેકટર-૨૬ કિશાનનગરમાંથી આઠ ટાયરોની ચોરી કરી હોવાનું બહાર આવ્યું છે. સેકટર-૨૧ પોલીસે બંને કાર માલિકોની ફરિયાદ લઈ ટાયરો ચોરો સુધી પહોંચવા તજવીજ હાથ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૬ કિશાનનગર અને ગ્રીનસીટી વિસ્તારમાં બે ગાડીઓમાંથી ચારેય ટાયરોની ચોરીના કિસ્સા બન્યા હોવાનું પોલીસ ચોપડે નોંધાવા પામ્યું બન્યા છે. સેકટર-૨૬ કિશાનનગર પ્લોટ નં. ૬૯૭/૧ ખાતે રહેતા કુમારપાલસિંહ ઘનશ્યામસિંહ ઝાલાએ ૧૩મી તારીખે પોતાની સ્વીફ્ટ ડીઝાયર નં. જીજે.૬.એચ.એલ.૪૯૬ ઘરઆંગમે પાર્ક કરી હતી. બીજે દિવસે સાંજે તેમની ગાડીમાં ધ્યાન પડ્યું તો ગાડીના ચારેય ટાયરો ગાયબ હતા. રૂા. ૧૨ હજારની કિંમતના ચારેય ટાયરોની ચોરી અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. તો બીજી તરફ સેકટર-૨૬ ગ્રીનસીટીમાં ડી-૧૯ ખાતે રહેતા ગીરીશભાઈ બાબુભાઈ પટેલની આઈ-૨૦ ગાડી નં. જીજે.૧૮ બીજી.૯૮૯૩ને ટાર્ગેટ બનાવી તેમની ગાડીમાંથી ચારેય ટાયરો ચોરી કરી ટાયર ચોરતી ગેંગ ફરાર થઈ ગઈ હતી. સેકટર-૨૧ પોલીસે બંને વાહન માલિકોની ટાયરોની ચોરી અંગેની ફરિયાદ લઈ ગુનાની તપાસ શરું કરી છે.

૨૫મી ફેબ્રુઆરીએ સામાજિક સદ્‌ભાવના કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

પ્રતિવર્ષની જેમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા તમામ સમાજના આગેવાનો દ્વારા 'સામાજિક સદ્‌ભાવના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અધિકારીઓ માર્ગદર્શન આપશે.

સરસ્વતી શિશુમંદિર બ્લોક નં. ૨૪૨ 'ચ' રોડ જૂના એમ.એલ.એલ. ક્વાટર્સ, સેકટર-૧૭ ગાંધીનગર ખાતે તા. ૨૫મી ફેબ્રુઆરીના રોજ સવારે ૯ વાગે યોજાશે.

આ અંગે પંકજભાઈ ચુડાસમા, (મો. ૯૮૨૪૦ ૪૬૫૬૯) અશોકભાઈ પટેલ, (મો. ૯૪૨૬૪ ૨૫૫૦૭) નો સંપર્ક સાધવા તાલુકા કાર્યવાહક ચંદ્રેશભાઈ પટેલે જણાવ્યું છે.

એલડીઆરપી ખાતે ટેકનિકલ ઈવેન્ટ ઝેનેસિસ-૨૦૧૮નો પ્રારંભ

રાષ્ટ્રીયકક્ષાની ઈવેન્ટમાં વિવિધ ૩૮ કેટેગરીમાં ૨૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૫

આજથી ગાંધીનગરના સેકટર-૧૫માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એલડીઆરપી કોલેજ ખાતે કોમ્પ્યુટર, આઈટી અને મિકેનિકલ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓની ટેકનિકલ ઈવેન્ટ 'ઝેનેસિસ-૨૦૧૮'નો પ્રારંભ થયો છે. બે દિવસીય ઈવેન્ટમાં વિદ્યાર્થીઓએ 'ઈનોવેશન ઈન્ડિયા' થીમ આધારિત વિવિધ પ્રોજેક્ટ રજૂ કરવા સાથે રોબોટિક્સ, કોમ્પ્યુટિંગ એન્ડ ગેમિંગ, આઈટીક્વિઝ, બિલ્ડીંગ, ઈલેક્ટ્રિક ઉપરાંત બિઝનેસ મેનેજમેન્ટ સહિતની સ્પર્ધાઓ અને વર્કશોપ-પ્રદર્શન યોજવામાં આવ્યાં છે.

ઝેનોસિસ-૨૦૧૮માં ટેકનિકલ તેમજ એન્જિનીયરીંગને લગતી વિવિધ ૩૮ કેટેગરીમાં ૨૫૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. ઈવેન્ટના શુભારંભ કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કડી સર્વ વિદ્યાલય મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ સહિત મહાનુભાવોએ હાજરી આપી હતી. એલડીઆરપી કોલેજના આચાર્યા ડૉ. ગાર્ગી રાજપરાના જણાવ્યા અનુસાર 'રાષ્ટ્રીય કક્ષાની ગણાતી આ ઈવેન્ટ વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ અને આવડતને તક પુરી પાડવાનું કાર્ય કરે છે. આ સાથે વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા અને નેતૃત્વના ગુણો પણ ખીલે છે.' વિદ્યાર્થીઓએ બનાવેલા પ્રોજેક્ટ્સ જોઈ મહાનુભાવો અભિભૂત થયા હતા.

રવિવારે ચૌધરી કોલેજ ખાતે 'વાર્તાયન' યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેક્ટર-૭ ખાતે પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે તા. ૧૮મી ફેબ્રુઆરીએ સાંજે ૫ કલાકે મમતા વાર્તા માસિક દ્વારા 'વાર્તાયન' પર્વ-૨નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વાર્તાકાર કલ્પેશ પટેલ તથા ધારિણી સોલંકી તેમની વાર્તાઓનું પઠન કરશે. આ કાર્યક્રમનો લાભ લેવા સાહિત્ય ભાવકો-સર્જકોને કાર્યક્રમના સંયોજક કનૈયાલાલ ભટ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

વાહન ચોરતી ગેંગ પાસેથી વધુ બે ચોરીના ભેદ ઉકેલાયા

નિકોલ અને ઈસનપુરની વાહન ચોરીની કબુલાત : ચોરી માટે વપરાયેલી રીક્ષા જપ્ત

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૭ પોલીસે અકસ્માત ગ્રસ્ત ઈકો ગાડીની બાતમી મેળવી ચોરીનો ભેદ ઉકેલી વાહન ચોરોને પકડી પાડ્યા હતા. આ ગેંગની સઘન પુછપરછમાં વધુ બે વાહન ચોરીના ભેદ ઉકેલવામાં સે.૭ પોલીસને સફળતા મળી છે. તે ઉપરાંત ઈકો ગાડી ચોરવા માટે વાપરવામાં આવેલી ઓટો રીક્ષા પણ સે.૭ પોલીસે રીકવર કરી રીમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કવૉર્ડની પી.એસ.આઈ. ડી. ડી. ઝાલા તતા હે.કો. પુષ્પેન્દ્રસિંહ તથા સુરપાલસિંહ સહિતની ટીમે તાજેતરમાં ચોરીની ઈકો સાથે વાહનચોરો પકડી પાડ્યા હતા. પકડાયેલા આરોપી રાહુલ ગીતમસિંઘ યાદવની પુછતાછમાં નિકોલ પોલીસ સ્ટેશનની હદમાંથી યામાહા એફ.ઝેડ ચોરી કર્યુ હોવાની કબુલાત કરી છે. તે ઉપરાંત બીજા આરોપી વિરપાલ ઉર્ફે બબલુ શંભુદયાલ સક્સેનાએ ઈસનપુર પોલીસ સ્ટેશનની હદમાંથી અપાચે બાઈક ચોરી કર્યુ હોવાની કબુલાત કરી છે. બે વાહનચોરી ડીકેટ્ક કરી આ આરોપીઓએ ઈકો ગાડીની ચોરી માટે વપરાયેલી ઓટો રીક્ષા જપ્ત કરી વધુ પૂછપરછ માટે સે.૭ પોલીસે આરોપીઓના રિમાન્ડ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

સરકારી શાળા સેકટર-૭નો વિદ્યાર્થી મેરિટ સ્કોલરશિપમાં પ્રથમ સ્થાને

સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા અને અનુભવી શિક્ષકોની કામગીરીનું ઉત્તમ ઉદાહરણ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૭માં આવેલી સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળાનાં વિદ્યાર્થી રાજુ લાંબરિયાએ હાઈસ્કૂલ સ્કોલરશિપ પરીક્ષા-૨૦૧૭માં ક્વોલિફાઈડ થઈને ગાંધીનગર શહેર વિસ્તાર સંચાલિત સરકારી શાળાઓમાં પ્રથમસ્થાન પ્રાપ્ત કર્યું છે. ઉપરાંત, રાજુએ કુલ ૨૦૦ ગુણમાંથી ૧૪૩ ગુણ પ્રાપ્ત કરીને ગાંધીનગર શહેરની ખાનગી તથા પ્રાથમિક શાળાઓમાં બારણું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

નેશનલ મિન્સ કમ મેરિટ સ્કોલરશિપમાં રાજુએ ક્વૉલિફાઈડ થઈને તથા મેરિટમાં આવીને સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા અને અનુભવી શિક્ષકોની કામગીરીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે.

સરકારી શાળાઓમાં આવતા વિદ્યાર્થીઓના માતા-પિતાનું શૈક્ષણિક તથા આર્થિક સ્તર બિલકુલ નબળું હોય છે. આવા બાળખોને શિક્ષિત બનાવીને તૈયાર કરવાનું કાર્ય સરકારી શાળાઓ કરે છે. સરકારી શાળાઓ અત્યારે ખાનગી શાળાઓ કરતાં પણ સારી ભૌતિક સુવિધાઓ અને અનુભવી શિક્ષકો ધરાવે છે.

આ ઉપરાંત, દરેક સરકારી શાળાઓમાં ધોરણ-૭ અને ૮માં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ પ્રોજેક્ટરની મદદથી ભણાવવામાં આવે છે. બાયગેસ દ્વારા વર્ચ્યુઅલ અભ્યાસ તેમજ ઈ-લર્નિંગ પણ સરકારી શાળાઓમાં ચાલે છે. આ ઉપરાંત, સરકારી શાળાઓમાં બાળકોને મફતમાં પુસ્તકો, સ્કોરલશિપ, મધ્યાહન ભોજન તથા મફતમાં શિક્ષણ આપીને દરેક બાળકની પ્રતિભા વિકસાવવાનો પ્રયત્ન થાય છે. રાજુ લાંબરિયા આ બાબતોનું ઉત્તમ ઉદાહરણ છે.

ચિલોડામાં ગળે ફાંસો ખાઈ લેનાર પરિણાતાના સાસરીયા સામે ફરિયાદ

અમેરિકા અભ્યાસ કરતા દિકરા માટે અભ્યાસનો ખર્ચો પિયરથી લઈ આવવાનું કહી સાસુ-સસરા ત્રાસ આપતા હોવાની ફરિયાદ : મૃતક પરિણિતિના પિતાએ ત્રણ સામે નોંધાવી ફરિયાદ

ગાંધીનગર, તા.૧૫

ચિલોડા ખાતે રહેતી ૨૦ વર્ષીય પરિણિતાએ બે દિવસ પહેલા પોતાની સાસરીમાં જ ગળે ફાસો ખાઈ જીવનલીલા સંકેલી નાખી હતી. આ પ્રકરણમાં મૃતક પરિણિતાના પિતાએ આજે ચિલોડા પોલીસ સ્ટેશનમાં તેણીના પતિ, સાસુ અને સસરા સામે આપઘાતના દુષ્પ્રેરણ કરવા બદલ ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ એ.એસ.પી.એ શરૂ કરી છે.

ચિલોડા ખાતે સાસરીમાં રહેતી ૨૦ વર્ષીય પરિણિતા નિલ્પા રવિભાઈ પટેલે ૧૩ ફેબ્રુઆરીએ બપોરે ઘરમાં જ ગળે ફાંસો ખાઈ લીધો હતો. તેણીના પતિ રવિભાઈ પટેલ લગ્ન બાદ અમેરિકા અભ્યાસ કરવા જતા રહ્યા હતા. આપઘાત કરી લેનાર દીકરી નિલ્પાના સરગાસણ ખાતેરહેતા પિતા રાજેશભાઈ સોમાભાઈ પટેલે આજે દીકરીને આપઘાત કરવા સાસરીયાઓએ મજબૂર કરી હોવાની ફરિયાદ નોંધાવી છે. અમેરિકા ભણવા ગયેલા દિકરાનો ખર્ચ પિયરથી લઈ આવવા અને લગ્નમાં કાંઈ દહેજ લાવી ન હોવાના મહેણા-ટોણા મારીને માનસિક ત્રાસ આપી સાસરીયાઓએ નિલ્પાને આપઘાત કરવા મજબર કરી હોવાની ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

મૃતકના પિતાની ફરિયાદના આધારે પોલીસે પતિ રવિ હસમુખભાઈપટેલ, સાસુ આશાબેન હસમુખભાઈ પટેલ અને સસરા હસમુખભાઈ જોઈતાભાઈ પટેલ સામે ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ ગાંધીનગર ડીવીઝનના એસીપી વિજય જે. પટેલે શરૂ કરી છે.

આલમપુરના પરિણીત યુવાનનો એસીડ ગટગટાવી લઈ આપઘાત

હોસ્પિટલમાં બે દિવસથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર-ડિલોડા રોડ વચ્ચે આવેલા આલમપુર ગામમાં રહેતા ૩૩ વર્ષીય પરિણીત યુવાને વેલેન્ટાઈન ડે ની પૂર્વ રાત્રીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે એસીડ ગટગટાવી લીધુ હતુ. સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવેલા યુવાનનું આજે હોસ્પિટલમાં જ સારવાર દરમ્યાન પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતુ. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ આલમપુર ગામમાં રહેતા ૩૩ વર્ષીય પરિણીત યુવાન હરીજી પરબતજી સોલંકીએ ૧૩ ફેબ્રુઆરીની રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં પોતાના ઘરે જ કોઈ કારણોસર એસીડ ગટગટાવી લીધુ હતુ. બુમાબુમ થતા પરિવારજનો ઉઠી ગયા હતા અને એસીડ હાથમાં જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. એસીડની બોટલ તેના હાથમાંથી ખેંચીને ફેંકી દઈ તાત્કાલિક તેને ગંભીર હાલતમાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. બે દિવસથી યુવાન ગંભીર હાલતમાં હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો. દરમ્યાન આજે સવારે સવા અગિયાર વાગ્યાના અરસામાં તેનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવીને યુવાનના આપઘાત કરવા પાછળનું રહસ્ય બહાર લાવવા જમાદાર જયેન્દ્રભાઈએ તપાસ શરૂ કરી છે.

સીટીબસનો ચિલોડા-ઘ રોડ રૂટ આરંભાયો

પુર્વ સંચાલકોએ ઘ-રોડને કરેલો અન્યાય દૂર થયો, આ બસને વર્ધી કે અન્ય રૂટમાં ન મોકલી નિયમિત રાખવા મુસાફરોની અપીલ

ગાંધીનગર તા. ૧૫

ગાંધીનગર નગરપાલિકાએ શહેરીજનોને આંતરિક મુસાફરીનો શ્રેષ્ઠ પર્યાય પ્રાપ્ત થાય તે માટે શહેરી બસસેવાનો શરતી કોન્ટ્રાક્ટ આપેલ છે. જે મુજબ શહેરી વસસેવા પુરી પાડતી કંપનીએ શહેર તેમજ પંથકમાં તવક્કાવાર રૂટ શરૂ કરીને શ્રેષ્ઠ મુસાફરી સેવા પૂરી પાડવા ઉત્તમ પ્રયાસો કર્યા છે જે સર્વત્ર સરાહનીય વન્યા છે, જેમાં હવે ચિલોડા-ઘ રોડની વર્ષો જુની માંગ સંતોષીને રૂટ શરૂ કરાતાં મુસાફરોએ હાશકારો અનુભવ્યો છે. સીટીબસનાં પૂર્વ સંચાલકોએ ફક્ત કમાણી કરતા રૂટો જ ચાલુ હાખી ઘ રોડને અન્યાય કર્યો હતો જે હાલના સંચાલકોએ માસાફરોની લાગણીને ન્યાય આપ્યો છે.

નગરના સેક્ટર ૧૬, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ના મુસાફરો કે જેમને ચિલોડા તરફ ફરજયાત ખાનગી વાહનોની જ મુસાફરી કરવી પડતી હતી. જે માટે વર્ષોથી આ સેક્ટરના મુખ્યમાર્ગ એવા ઘ રોડથી ચિલોડા જાય તે રીતે સીટીબસ શરૂ કરવા માંગ થઈ રહી હતી છતાં સતત અવગણના થઈ રહી હતી. દરમ્યાન નગરપાલિકાએ સીટીબસ ચલાવવા યોગી એજ્યુટ્રાનજીસ્ટી પ્રા.લી.ને કોન્ટ્રાક્ટ આપી નગરજનોને મુસાફરી

સરળ બને તેવા રૂટ શરૂ કરવા જણાવાયુ હતું. જેમાં સંચાલકોએ નગરનાં માર્ગો ઉપર નવીનકોર સીટીબસો મુકીને આકર્સણ ઉભુ કરી તબક્કાવાર તમામ રૂટો ઉપર સીટીબસો શરૂ કરી મુસાફરોની માંગણીને સંતોસી રહ્યા છે. ડ્રેસકોડ સાથે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી ઉચ્ચત્તમ સોવા આપવોનો સંચાલકોનો પ્રયાસ મુસાફરોમાં આવકાર દાયક બન્યો છે. જે મુજબ હમણાંથી સીટીબસનો ચિલોડા-ઘ રોડ રૂટ શરૂ કરી મુસાફરોની લાગણીને સમજી ન્યાય આપ્યો છે.

જો કે ભૂતકાળના અનુભવોના આધારે મુસાફરોએ આ બસને વર્ધી કે અન્ય રૂટમાં ન મોકલી નિયમિતતા જાળવવા અપીલ કરી છે. આ અંગે કંપનીના સંચાલક વિરેન્દ્રસિંહ રાણાએ જણાવ્યુ છે કે ઘ રોડ રૂટ એ અમારી પ્રાથમિકતા હતી તેમજ તબક્કાવાર જરૂરીયાત પ્રમાણે નવી બસો ખરીદીને પણ રૂટ શરૂ કરાશે તે નગરપાલિકાએ અમારા પર મુકેલો વિશ્વાસ છે જે પુર્ણ રીતે નિભાવવા અમો પ્રયત્નશીલ છીએ. નગરપાલિકા સંચાલિત શહેરી બસસેવા મુસાફરો માટે ખુબ જ ઉપયોગી બની છે અને ગાંધીનગર પંથકના અન્ય રૂટ માટે પણ તંત્ર અને સરકાર સહકાર પુરો પાડે તે ઈચ્છનીય બન્યુ છે.

ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સિલરના પ્રમુખપદે બાબુભાઈ શાહ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સિલની પ્રથમ કારોબારી સભા આજે ગાંધીનગરના સરકીટહાઉસ ખાતે ૨૭ જેટલી બહોળી સભ્ય સંખ્યા વચ્ચે યોજવામાં આવી હતી. બાબુભાઈ એમ. શાહના નેતૃત્વ નીચે યોજાયેલી કારોબારી સભામાં સંસ્થાના ૧૬ જેટલા ચૂંટાયેલા ધારાસભ્યો અને મંત્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ચેરમેન દ્વારા ધારાસભ્યો અને મંત્રીઓને શાલ અને સુતરની આંટી પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

ચિરવિદાય

● સ્વ. સોલંકી હરિશજી પરબતજી, ઉ.વ.૩૩

● સ્વ. પરમાર લક્ષ્મીબેન સોમાભાઈ, ઉ.વ.૭૭